# શેરબજારમાં ઉથલપાથલનો દોર યથાવત



મુંબઈ,તા. ૬

શેરબજારમાં આજે તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૨૯૦ પોઈન્ટ સુધરીને ૧૯૨૭૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૭ પોઈન્ટ સુધરીને ૫૬૮૦ની સપાટીએ રહ્યો હતો. સોમવારે ગણેશ ચતુર્થીના પ્રસંગે શેરબજારમાં રજા રહેનાર છે જેથી આજે બજારમાં કારોબારને લઈને ઉત્સાહ પણ જોવા મળ્યો હતો. બ્રોડર માર્કેટમાં આજે તેજી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં આશરે ૦.૫ ટકાનો સુધારો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ પણ હકારાત્મક રહી હતી. ૨૪૫૩ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૨૯૮ શેરમાં તેજી અને ૧૦૦૮ શેરમાં મંદી રહી હતી. એશિયન બજારમાં આજે સાવધાનીપૂર્વકનો કારોબાર રહ્યો હતો કારણ કે મૂડીરોકાણકારો અમેરિકન જોબ રિપોર્ટની રાહ જોઈ રહ્યા છે. અમેરિકન જોબ રિપોર્ટ દર મહિને જારી કરવામાં આવે છે. જાપાની શેરબજારમાં છેલ્લા ચાર દિવસથી ચાલતી તેજી પર બ્રેક મુકાઈ હતી. નિક્કીમાં ૧.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે સિંગાપોરના સ્ટ્રેટ ટાઈમ્સમાં ૦.૩ ટકાનો સુધાર થયો હતો. સ્થાનિકરીતે ચાવીરૂપ સેક્ટરલ ઈન્ડેક્સ તેજીમાં રહ્યા હતા જેમાં બેંક્સ, કેપિટલ ગુડ્સ, પાવર, ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર અને ફાર્માસ્યુટિકલ્સનો સમાવેશ થાય છે જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ, રિયાલિટી, આઈટી સેક્ટરમાં મંદી જોવા મળી હતી. જે શેરમાં તેજી રહી હતી તેમાં આઈસીઆઈસીઆઈ બેંકમાં આઠ ટકાનો સુધારો રહ્યો હતો. જિંદાલ સ્ટીલમાં ૩.૫ ટકા, શિપ્લામાં ૫ ટકા અને ઓએનજીસીમાં ૫.૫ ટકાનો સુધારો થયો હતો. તાતા પાવરના શેરમાં ૩ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. એચયુએલમાં ૧.૪ ટકા, કોલ ઈન્ડિયામાં ૨.૩ ટકા અને શિશા ગોવામાં ૨.૭ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં ગઈકાલે પણ જોરદાર તેજી જોવા મળી હતી. કારોબારની શરૂઆતમાં જ તેજી રહ્યા બાદ અંત સુધી અવિરત તેજી રહી હતી. કારોબારના અંતે ગઈકાલે સેન્સેક્સ ૪૧૨ પોઈન્ટ સુધરીને ૧૮૯૮૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ગઈકાલે ૧૪૫ પોઈન્ટ સુધરીને ૫૫૯૩ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા ત્રણ સપ્તાહના ગાળામાં સેન્સેક્સ ફરી એકવાર સૌથી ઉંચી સપાટીએ પહોંચ્યો છે. શેરબજારમાં તેજી માટે ઘણા કારણો જવાબદાર રહ્યા છે. સેન્સેક્સ ફરી એકવાર ગઈકાલે જ મહત્વની સપાટી મેળવી હતી અને આજે ધારણા પ્રમાણે જ ૧૯૦૦૦ની સપાટી કુદાવી લીધી હતી. છેલ્લા બે દિવસના ગાળામાં જ સેન્સેક્સમાં ૬૪૨ પોઈન્ટનો સુધાર થઈ ચુક્યો છે. આરબીઆઈના ગવર્નર તરીકે રઘુરામ રાજને જવાબદારી સંભાળી લીધા બાદ શેર બજારમાં નવી આશા જાગી છે.

## મોદી પીએમ પદના સૌથી યોગ્ય ઉમેદવાર : રામદેવ

નવી દિલ્હી,તા. ૬

યોગ ગુરુ બાબા રામદેવે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સમર્થન પર ભાજપને આજે અલ્ટિમેટમ આપ્યુ હતુ. બાબા રામદેવે સાફ શબ્દોમાં કહ્યુ છે કે જો ભાજપ મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરશે નહીં તો ભાજપને સમર્થનના મુદ્દા પર ફરીવાર વિચારણા કરવામાં આવશે. રામદેવે ફરી એકવાર કહ્યુ હતુ કે મોદી પીએમ પદના સૌથી સક્ષમ અને લાયક ઉમેદવાર છે. રામદેવે એમ પણ કહ્યુ હતુ કે મોદી એક માત્ર એવી વ્યક્તિ છે જે વડાપ્રધાન પદ પર બેસવા માટે યોગ્ય છે. ગુજરાતને મોદી સર્વોચ્ચ શિખર પર લઈ ગયા છે. રામદેવે કહ્યુ હતુ કે જો મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવાશે નહીં તો ભાજપને સમર્થન આપવામાં આવશે નહીં. ભાજપ દ્વારા વહેલીતકે મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં નહીં આવે તો પક્ષને ટેકો આપવાના મુદ્દે વિચારણા કરાશે. રામદેવે વડાપ્રધાન મનમોહનસિંહ પર સીધી રીતે આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યુ હતુ કે વડાપ્રધાન કૌભાંડ કરે છે અને પછી ફાઈલો ગુમ કરી નાંખે છે. આવી વ્યક્તિને ઈમાનદાર કહી શકાય નહીં. રામદેવે એમ પણ કહ્યુ હતુ કે દેશ ગરીબ નથી. સોનિયા ગાંધીએ કાવતરા રચીને ગરીબ બનાવ્યો છે.



## નેપાળમાં જોરદાર વરસાદથી બિહારમાં પૂર સ્થિતિ વણસી

પટણા,તા.૬

બિહારમાં પૂરની સ્થિતિ આજે વધુ ગંભીર બની હતી. નેપાળમાં ભારે વરસાદ જારી રહેવાના કારણે સ્થિતિ સુધરવાના બદલે વધુ વણસી રહી છે. નેપાળ સરહદ નજીક બિહારના ઘણા જિલ્લાઓમાં તંત્ર દ્વારા બચાવ અને રાહતકામગીરી ચાલી રહી હોવા છતાં સ્થિતિમાં સુધાર થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ બંગાળના અખાત પર સર્જાઈ છે. જેથી ઉત્તર અને પૂર્વિય બિહાર તરફ મોનસૂની વરસાદ વધારે થવાનો સંકેત દેખાઈ રહ્યો છે. બિહારમાં પુરની સ્થિતી હજુ પણ ગંભીર બનેલી છે. રાજ્યમાં ૩૮ જિલ્લાઓ પૈકી ૨૦ જિલ્લા પુરના સકંજામાં આવી ગયા છે. અસરગ્રસ્ત જિલ્લાના તમામ વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બીજી બાજુ પુરના કારણે મોતનો આંકડો વધીને ૧૮૦ ઉપર પહોંચી ગયો છે. આગામી થોડાક દિવસોમાં પુરની સ્થિતીમાં સુધાર થાય તેવી શક્યતા ખુબ ઓછી દેખાઈ રહી છે. કારણ કે રાજ્યમાં કુલ ૧૩ મોટી નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તર કરતા ઉપર પહોંચી ગઈ છે. ગંગા નદીમાં પાણીની સપાટી તમામ ૧૨ જિલ્લામા ભયજનક સ્તર કરતા ઉપર છે. ગંગા નદીના કારણે જે ૧૨ જિલ્લાને માઠી અસર થઈ છે તેમાં બક્સર, ભોજપુર, પટણા, સારન, વૈશાલી, સમસ્તીપુર, બેગુસરાય, લખીસરાઈ, મુંગેર, ખાગરિયા, ભાગલપુર, કટિહારનો સમાવેશ થાય છે. બિહારમાં એકદંરે પુરના કારણે ૫૯ લાખ લોકોને માઠી અસર થઈ છે. પટણામાં પણ લોકોની હાલત કફોડીબનેલી છે. હવે રોગચાળાનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. બચાવ અને રાહત કામગીરીમાં બોટનો ઉપયોગ પણ કરવામાં આવી રહ્યો છે. કુલ ૨૯૩૦ જેટલી ખાનગી બોટનો બચાવ અને રાહત કામગારી માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.અનેક લોકોને બચાવી લેવાયા છે.



## ઓગસ્ટ માસમાં સોનાની આયાત ૧૦ ટનથી ઓછી

મુંબઈ,તા.૬

સોનાની આયાત પર અંકુશ મુકવાના સરકારે કેટલાક પગલા લીધા હતા. ચોક્કસ જોગવાઈઓના સંબંધમાં કસ્ટમ વિભાગ દ્વારા હવે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યા બાદ જ્વેલર્સ દ્વારા સોનાની આયાત માટે નવા ઓર્ડરો આપવાની શરૂઆત થઈ ચુકી છે. છેલ્લા દોઢ મહિનાથી સોનાનીઆયાત અટકી ગઈ હતી. ઓગસ્ટ મહિનામાં સોનાની આયાત ૧૦ ટનથી પણ ઓછી રહી હતી જે છેલ્લા ઘણા વર્ષના ગાળામાં માસિકરીતે સૌથી ઓછી આયાત રહી છે. જ્વેલર્સ દ્વારા ફરી એકવાર આયાત વધારી દેવામાં આવી છે. સપ્ટેમ્બર મહિનામાં આયાત ૨૫ ટન સુધી પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. જીજેઈટીસીના ચેરમેન વિપુલશાહનું કહેવું છે કે નવેસરના ખરીદીના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે. આની સાથે જ ભારતમાં સોનાની આયાત ફરી એકવાર શરૂ થશે. વર્તમાન મહિનામાં ભારતમાં ૨૦-૨૫ ટન સોનું આવશે.

## સમાચાર ઝલક

- ♥ કોલેજો પાસે નશીલા પદાર્થોનું વેચાણ રોકવાનું સૂચન.
- ♥ રિઝર્વ બેંકના ગવર્નર તરીકે રાજન આવતાં બજારમાં તેજી.
- ♥ ચૂંટણી ખર્ચ પર લગામ માટે ચૂંટણીપંચની હિલચાલ શરૂ.
- ♥ રાજસ્થાનમાં ૩૪ એમ.બી.એ. કોલેજો બંધ કરવાની ફરજ પડી.
- ♥ જૂનાગઢ પ્રાથમિક શિક્ષણાધિકારીને કચેરીમાં જ એક વ્યક્તિએ લાફો માર્યો.
- ♥ ભારતીય લેખિકા સુષ્મિતા બેનર્જીની અફઘાનિસ્તાનમાં ઘાતકી હત્યા.
- ♥ દીપીકા પાદુકોણને હવે હોલીવુડની ફિલ્મો મળવા લાગી છે...
- ♥ કોળીયાકના નિષ્કલંક મહાદેવના મેળામાં સમુદ્ર સ્નાન માટે બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટ્યા.
- ♥ પ્રધાનો-સરકારી બાબુઓ વર્ષે કરોડોનું પેટ્રોલ-ડિઝલ વાપરે છે, અંદાજ મુજબ પ્રધાનો ૭૦૦ લિટર પેટ્રોલ મહિને વાપરે છે.
- ♥ મુંબઇ-ડાન્સબાર ખોલવા ૮૦ અરજીઓ મળી.
- ♥ ૩૬ અભિનેતાઓને સર્વિસ ટેક્સની ચોરી બાબતે નોટીસ ફટકારાઇ.
- ♥ બ્રિટનના કેન્ટમાં સખ્ખત ધુમ્મસમાં ૧૦૦ જેટલાં વાહનો અથડાયા, ૨૦૦ વ્યક્તિઓને ઇજા.
- ♥ ચિકનગુનિયા જેવો જ નવો રોગ આવ્યાની આરોગ્ય ખાતાને શંકા.
- ♥ પંજાબ સરકાર આર્થિક કટોકટીનાં ઘેરામાં, કર્મચારીઓને પગાર ચુકવવામાં મુશ્કેલી.
- ♥ અમદાવાદમાં કરાટેના દાવથી મહિલાઓ અછોડા ચોરને પછાડીને ભગાડ્યો.
- ♥ શ્રાવણ માસનું સમાપન - પિતૃતર્પણ કરી લોકો ધન્ય બન્યા.
- ♥ ગુજરાતને સુશાસન માટે એવોર્ડ, ઇ-વ્યવહારોની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાતનું મોડલ શ્રેષ્ઠ.
- ♥ ૧૦૦ અને ૫૦૦ના દરની બનાવટી નોટો વધુ : રિઝર્વ બેંક
- ♥ મુંબઇમાં ૩૦ હજાર પેન્સિલમાંથી ભવ્ય ગણેશજી બનાવાયા.
- ♥ યુ.એસ.ઓપનમાં. સાનિયા-જીની ની જોડી સેમિફાઇલનમાં પહોંચી.
- ♥ કપાસ ઉત્પાદકોની દિવાળી સુધરશે, માંગમાં ભારે તેજી.
- ♥ રશિયન મોડેલનો નગ્ન પડી રહેલો મૃતદેહ મળ્યો.
- ♥ સિરીયાના મુદ્દે અમેરિકા-રશિયા આમને-સામને.
- ♥ ઇરાકમાં એક આતંકી હુમલામાં એક જ પરિવારના ૧૬ લોકોનાં કરૂણા મોત.
- ♥ ભારતમાં સૌથી મોટો ભષ્ટાચાર સામે આવ્યો, સી.વી.સી.એ ૭૦ અબજનો ગોટાળો પકડ્યો.
- ♥ જીવ હિંસા નહીં અટકાવાય તો સરકારને ભારે પડશે : જૈન સમાજ રાતૂચોળ.

## ઓનલાઈન પીએફ એકાઉન્ટ સર્વિસ વિધિવત રીતે શરૂ થઈ

નવી દિલ્હી,તા. ૬

કર્મચારી ભવિષ્યનિધી સંગઠન (ઈપીએફઓ) દ્વારા આજથી કર્મચારીઓના પીએફ એકાઉન્ટની ઓનલાઈન સેવા શરૂ કરી દેવામાં આવી છે. ઓનલાઈન પીએફ એકાઉન્ટ સર્વિસ શરૂ થયા બાદ કરોડો લોકોને આનાથી સીધો ફાયદો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈન્ટરનેટ મારફતે અમે આ બાબતની માહિતી મેળવી શકીશું કે પીએફ એકાઉન્ટમાં કેટલાક પૈસા પડ્યા છે. દર મહિને આપણા ખાતામાં પૈસા મૂકવામાં આવી રહ્યા છે કે કેમ. સામાન્ય લોકો પણ ઓનલાઈન મારફતે તમામ માહિતી મેળવી શકશે. આ સેવાનો લાભ પાંચ કરોડથી વધુ લોકોને મળશે. ઈપીએફઓના સેન્ટ્રલ પ્રોવિડંડ ફંડ કમીશનર કે કે જાલને કહ્યું છે કે એકાઉન્ટ અંગેની માહિતી હવે રિયલ ટાઈમ ઉપર અપડેટ થશે. હાલમાં લોકોને વર્ષમાં માત્ર એક જ વખત એકાઉન્ટ સ્ટેટમેન્ટ આપવામાં આવે છે. ઈપીએફઓ દ્વારા વાર્ષિક પીએફ એકાઉન્ટ સ્ટેટમેન્ટ સપ્ટેમ્બર મહિનામાં જારી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૨-૧૩ના આ સ્ટેટમેન્ટ ૩૦મી સપ્ટેમ્બર સુધી જારી કરવામાં આવશે. કર્મચારીઓને આ સ્ટેટમેન લેવામાં પરેશાની થાય છે. કારણ કે ઈપીએફઓ આ સ્ટેટમેન્ટ તેમના સંબંધિતોને આપે છે. આ સર્વિસથી કર્મચારી પોતાના પીએફ એકાઉન્ટના અપડેટ અંગેની માહિતી મેળવી શકશે. જાલને કહ્યું છે કે એમ્પ્લોઈડ અથવા કર્મચારી પોતાના એકાઉન્ટ બેલેન્સ ઉપરાંત ૩૧મી માર્ચ સુધીના વ્યાજ અંગેની સૂચના પણ ઓનલાઈન એકાઉન્ટમાં જોઈ શકશે. એપ્રિલ બાદની અવધીમાં એકાઉન્ટમાં મૂકવામાં આપેલી રકમની સૂચના ઓનલાઈન એકાઉન્ટમાં રહેશે પરંતુ તેના વ્યાજનો ઉલ્લેખ આમા રાખવામાં આવશે નહીં.

## યુએસ ઓપન : સ્ટેપાનેક અને પેસની જોડીની રોમાંચક જીત

ન્યૂયોર્ક,તા.૬

ન્યૂયોર્કમાં રમાઈ રહેલી વર્ષની અંતિમ ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં પુરુષોના વર્ગમાં વહેલી પરોઢે રમાયેલી સેમી ફાઈનલ મેચમાં લિયાન્ડર પેસ અને તેના સાથી ખેલાડી સ્ટેપાનેકની જોડીએ ખૂબ જ શાનદાર રમત રમીને શક્તિશાળી બ્રાયન બંધુઓની જોડીને હાર આપી હતી. હજુ સુધી ડબલ્સ ટ્રોફી માટે ઘરઆંગણે પ્રબળ દાવેદાર ગણાતી અમેરિકાના બ્રાયન બંધુઓ બોબ અને માઈકની જોડી ઉપર પેસ અને સ્ટેપાનેકની જોડીએ પ્રથમ સેટ ગુમાવ્યા બાદ ૩-૬, ૬-૩, ૬-૪થી જીત મેળવી લીધી હતી. ચોથી ક્રમાંકિત ભારતીય અને ચેકગણરાજ્યની જોડીએ બ્રાયન બંધુઓને હરાવીને તેમને ઈતિહાસ રચવાથી રોકવામાં પણ સફળતા મેળવી હતી. આ ટ્રોફી જીતીને બ્રાયન બંધુ વર્ષ ૧૯૫૧ બાદ એક જ વર્ષમાં ચારે ગ્રાન્ડસ્લેમ ટ્રોફી ઉપર કબજો જમાવનાર પ્રથમ ખેલાડી બનવાની તૈયારીમાં હતા. બ્રાયન બંધુઓએ પ્રથમ સેટ સરળતાથી જીતી લીધા બાદ એમ લાગી રહ્યું હતું કે ઘર આંગણે બ્રાયન બંધુઓ ૧૯૫૧ના ઈતિહાસમાં પુનરાવર્તન કરી લેશે પરંતુ પેસ અને સ્ટેપાનેકની જોડીએ ખૂબ જ શાનદાર રમત રમી હતી. બીજા સેટમાં પેસ અને સ્ટેપાનેક અસલ ફોર્મમાં દેખાયા હતા. ત્યારબાદ ત્રીજા સેટમાં પેસ અને સ્ટેપાનેકે વર્ચસ્વ જાળવી રાખીને મેચ જીતી લીધી હતી.

## દિલ્હીમાં ચૂંટણીમાં ભાજપને સૌથી વધુ સીટ: સર્વેનું તારણ

નવી દિલ્હી,તા. ૬

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી ત્યારે તાજેતરમાં જ કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે વિધાનસભાની ચૂંટણીમાં કોઈપણ પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળશે નહીં પરંતુ ભાજપ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવશે.

૭૦ સભ્યોની વિધાનસભામાં ભાજપ ૩૨ બેઠકો જીતી જશે પરંતુ બહુમતીના આંકડાથી ભાજપ પણ થોડોક પાછળ રહી જશે. જ્યારે કોંગ્રેસને ૨૭ની આસપાસ બેઠકો મળશે. હાલમાં જ રચવામાં આવેલી આમ આદમી પાર્ટી પણ વિધાનસભાની ચૂંટણીમાં સારી છાપ ઊભી કરવામાં સફળ રહેશે. આ પાર્ટી શરૂઆતમાં જ આઠ બેઠકો જીતી જશે. બહુજન સમાજ પાર્ટીને બે બેઠકો મળશે. મત હિસ્સેદારીની વાત કરવામાં આવે તો સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભાજપ ૩૪ ટકા, કોંગ્રેસ ૨૯ ટકા, એએપી ૧૫ ટકા ને બહુજન સમાજ પાર્ટીને ૧૨ ટકા મત હિસ્સેદારી મળશે. બે રાજકીય પક્ષો તરફથી આ ઓપીનીંગ પોલ અને સર્વે કરવામાં આવ્યા હતા. અન્ય એક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભાજપની મત હિસ્સેદારી ૩૧ ટકા એએપીની ૨૭ ટકા અને કોંગ્રેસની ૨૬ ટકા રહેશે.જો હાલમાં ચૂંટણી યોજાઈ જાય તો ભાજપ સૌથી સારો દેખાવ કરી શકશે. સર્વેમાં બેઠકો ઉપર અંદાજ મૂકવામાં આવ્યો નથી પરંતુ એવી આગાહી કરવામાં આવી છે કે કોઈને પણ બહુમતી નહીં મળવાની સ્થિતિમાં ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ સર્જાશે. એબીપી ન્યૂઝ નેલસનના પોલમાં જણાવવામાં આવ્યું છે કે ૨૬ ટકા લોકોએ મુખ્યમંત્રી તરીકે વિજય ગોહિલની તરફેણ કરી છે જ્યારે ૨૪ ટકા લોકોએ અરવિંદ કેજરીવાલની પસંદગી કરી છે. જ્યારે ૨૨ ટકા લોકો શિલા દીક્ષિતની તરફેણ કરે છે.

## કાશ્મીરમાં લશ્કરે તોયબાના બે આતંકવાદીની ધરપકડ

શ્રીનગર,તા. ૬

જમ્મુ કાશ્મીરમાં પોલીસે નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. પોલીસે ખતરનાક આતંકવાદી સંગઠન લશ્કરે તોયબાના બે આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ આતંકવાદીઓ ઘાતક યોજના ધરાવતા હતા. વિશ્વના જાણિતા ઓર્કેસ્ટ્રા કન્ડક્ટર જુબિન મહેતાના હાઈપ્રોફાઈલ મ્યુઝિક કોન્સર્ટના બે દિવસ પહેલા જ આ બે આતંકવાદીની ધરપકડ કરવામાં આવી છે. ચોથી અને પાંચમી સપ્ટેમ્બરના દિવસે પોલીસ દ્વારા વ્યાપક તપાસ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ જ ગાળા દરમિયાન ચાનાપોરા વિસ્તારમાંથી આ આતંકવાદીઓને પકડી પાડવામાં આવ્યા હતા. પકડી પાડવામાં આવેલા આતંકવાદીઓની પાસેથી મોટી માત્રામાં શસ્ત્રો પણ કબજે કરવામાંઆવ્યા છે. ધરપકડ કરવામાં આવેલા બે આતંકવાદીઓ પૈકી એક ચાનાપોરાનો અને બીજો ઉત્તરકાશ્મીરમાં સોપોરે શહેરનો હોવાનું જાણવા મળ્યુ છે. પુછપરછ દરમિયાન આ બંને આતંકવાદીઓએ કેટલાક હથિયારો મેસુમા ખાતે છુપાયા હોવાની કબૂલાત પણ કરી હતી. ત્યારબાદ આ જગ્યાએથી પણ બે હેન્ડગ્રેનેડ કબજે કરવામાં આવ્યા હતા. લશ્કરે તોયબાના ત્રાસવાદીઓએ છેલ્લા ઘણા સમયથી ઘૂસણખોરીના પ્રયાસો એકાએક તીવ્ર બનાવી દીધા છે. બીજી બાજુ જુબીન મહેતાના કાર્યક્રમને લઈને સુરક્ષાવ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

## જગનના જ્યુડિશિયલ રિમાન્ડ ફરીવાર વધ્યા

મુંબઈ,તા. ૬

આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં જગન મોહન રેડ્ડીના જ્યુડિશિયલ રિમાન્ડ આજે ૨૦મી સપ્ટેમ્બર સુધી લંબાવી દેવામાં આવ્યા હતા. આની સાથે જ જગન મોહનની અપ્રમાણ સંપત્તિ કેસમાં કોઈ પણ પ્રકારની રાહત મળી નથી. હૈદરાબાદમાં ખાસ સીબીઆઈ કોર્ટે વાયએસઆર કોંગ્રેસના વડા જગન મોહનરેડ્ડીના જ્યુડિશિયલ રિમાન્ડ લંબાવી દીધા હતા. જગન મોહન ઉપરાંત અન્ય આરોપીના જ્યુડિશિયલ રિમાન્ડ પણ લંબાવ્યા હતા. કડાપ્પાના સાંસદ દ્વારા તેમની માલિકીની કંપનીમાં આડેધડ રોકાણને લઈને આ કેસ છે. જગન ઉપરાંત અન્ય આરોપીઓમાં તેમના ઓડિટર વી વિજયસાંઈ રેડ્ડી, ભૂતપૂર્વ પ્રધાન રમણા રાવ, ઉદ્યોગપતિ એનપ્રસાદ, અધિકારી કેવી બ્રહ્માનંદ રેડ્ડીનો સમાવેશ થાય છે.

## કૃતિશીલ દેશભક્તિ (પાના નં. ૪ નું ચાલુ)

**(૧૩) આપણી રાષ્ટ્રીય સંપત્તિને બગાડીએ નહીં, ટ્રેઇન, બસ અને સરકારી/સામાજિક ભવનો આપણાં જ છે. પણ દુઃખ સાથે કહેવું પડે છે કે કેટલાકના હાથમાં ચળ આવે છે, ખુજલી ઉપડે છે... અને તેઓ બસની ગાદીનો ખુડદો બોલાવી દે છે, ટ્રેઇનમાં ગમે ત્યાં કંઇક ને કંઇક લખે છે. આવી માનસિક વિકૃતિઓ ન વધે એવી પરમકૃપાલુ પરમાત્માને પ્રાર્થના.**

**(૧૪) કાગળનો બગાડ ન કરીએ. એક બાજુ કોરા કાગળનો પણ યથોચિત ઉપયોગ કરી લેવો જોઇએ. કાગળની ઉચિત કરકસર કરવાથી વૃક્ષો ઓછા કપાશે. કરકસર અને કંજૂસાઇનો ભેદ બરાબર સમજીએ.**

**(૧૫) આપણા દેશનો ગૌરવવંતો ઇતિહાસ જાણીએ અને આપણી પેઢીઓને જણાવીએ. ઇતિહાસ માનવીને ઘડે છે... દિશા આપે છે. 'ભૂતકાળને વાગોળવાથી કંઇ નહીં વળે, ભવિષ્યની ચિંતા કરો...' આવું નિવેદન કરનારા ભારે નુકશાન કરે છે. ઇતિહાસ અને આપણા મહાપુરૂષોનું પુણ્યસ્મરણ આપણને આ ધરતી સાથે જોડી રાખે છે.**

**આ યાદીમાં હજુ ઘણું ઉમેરી શકાય... આ બધું ક્રિયાત્મક છે, માત્ર વિચારાત્મક નથી. વ્યક્તિ-વ્યક્તિની કૃતિ દેશની આકૃતિ બદલી શકે છે.**

**ક્રિયા કેવલમ્ ઉત્તરમ્ ।**

**દેશના સઘળા પ્રશ્નોનો ઉત્તર દેશવાસીઓની ક્રિયાશીલતા છે.**

## આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

આવા કેદીઓનાં અહીં લાવવામાં આવેલ મહિલા કેદીઓ સાથે સ્વયંવર અંતર્ગત લગ્ન થવા લાગ્યાં. શરૂઆતમાં અહીં અલગ મહિલાઓ માટે જેલ રાખવામાં આવી હતી. પરંતુ તે પછી અટલાન્ટ પહાડ પર વિશ્વની સૌથી કુખ્યાત સેલ્યુલર જેલ બની તે પછી અહીંની વાઇપર જેલનું મહત્ત્વ ધીરેધીરે ઓછું થતું ગયું.

વાઇપર જેલની પુરાતન ઇમારતો અને આસપાસના કુદરતી સૌંદર્ય નિહાળતા તેને પોતાના કેમેરામાં કેદ કરવામાં સૌ મશગુલ હતા. જેન્તીભાઇ પટેલ પોતાની ટોપીને જરા સરખી કરીને અલગ સ્ટાઇલમાં ફોટા ખેંચવા તત્પર હતા. તો માયાબેન ફાંસીના માંચડાને જોઇ ઉદાસ થઇ ગયાં હતા. માનસી અને નિલય દૂર પડેલ એક સૂંકાઝાડના થડ પર બેસી ફોટા પાડતા હતા. ઉપેન્દ્રભાઇ બધા પ્રવાસીઓને કેમેરામાં કેદ કરી લેવા વિડીયો શુટીંગ કરવામાં મશગૂલ હતા. અમે દૂર પહાડ પર ઊંચા ઊંચા નારીયેળીનાં વૃક્ષોને નિહાળતા હતા. તેની બાજુમાં વાંસનું ઝુંડ હતું. કેટલાક વેલાઓ અને વનસ્પતિની ઓળખ કરવાની ઇચ્છાથી હું એક તરફ જવા લાગ્યો ત્યાં બોટમાં પરત ફરવાનું હોવાથી ઉપેન્દ્રભાઇએ બુમ મારી એટલે અમે ત્યાં જ પાછા વળ્યા. ત્યારે અમારી પાછળ દિલીપસિંહ અને મીનાબેન આવતાં હતા. ઉપેન્દ્રભાઇની ઉતાવળથી તેમનાં નમાં કચવાટ હોય એવું તેમની વાતો ઉપરથી લાગતું હતું.

આંદામાનના આ ટાપુઓ પર અંગ્રેજી હકુમતનો ખુબ જ પ્રભાવ આજે પણ જોવા મળે છે. મોટા ભાગના સ્થળોના નામો અંગ્રેજોએ રાખેલ છે. તે પરંપરા જળવાઇ રહી છે. ક્યાંક નવા નામો પ્રચલિત કરવાના પ્રયાસો પણ થયા છે. પણ મોટા ભાગે તે સફળ થયેલા જણાતા નથી.

અહીં ઊડીને આંખે વળગે તેવી એક ખાસ વાત પણ ધ્યાનમાં આવે છે. કોઇ ધાર્મિક સ્થળ કે પ્રવાસન સ્થળ પર ભિખારીઓ જોવા મળતા નથી. એ જ રીતે બજારમાં કોઇ વસ્તુ લેવા જાવ તેમાં બાર્ગેનીંગને કોઇ અવકાશ નથી. તેથી છેતરવાનો ભય ઓછો રહે છે. એ અહીંના સમાજજીવન અને લોકોની પ્રમાણિકતા દર્શાવે છે.

વાઇપર દ્વીપથી ફરી ફોટમાં બેસી અમે સૌ આગળના પ્રવાસ માટે રવાના થઇએ છીએ પણ હવે અંધારૂં થવા આવ્યું છે. સામે પોર્ટ બ્લેરની લાઇટો ઝગમગતી દેખાઇ રહી છે. અંધારૂં થાય તે પહેલાં અમને અમારી બોટ પોર્ટ બ્લેરનાં કિનારે પહોંચાડી દેશે એમ લાગી રહ્યું છે.

સૌ ખુબ ખુશખુશાલ છે. વાતાવરણ પર ખુશનુમા છે. આંદામાનની આ સાંજે ખરેખર યાદગાર લાગી રહી છે. સૂર્યનો ગોળો અગાધ સાગરમાં જાણએ કૃષ્ણએ ગેડી દડે રમતાં જમુના જળમાં ફંગોળી દીધો હોય તેમ પશ્ચિમના આકાશમાંથી દરિયા ભણી ફંગોળાઇ રહ્યો છે ને અમે બોટમાંથી ઉતરી આજના પ્રવાસના સંસ્મરણો વાગોળતાં હોટલ તરફ આગળ વધીએ છીએ.

(ક્રમશઃ)